Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# :: કાર્યવાહી ::

અનુસ્નાતક શિક્ષણ મંડળ **(Board of University Teaching)** ની સભા સોમવાર તા.૮–૦૮–૨૦૧૬ ના રોજ બપોરે ૪ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિ રૂમ નંબર : ૨૦૫ માં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબની હતી.

| ક્રમ | સભ્યશ્રીઓના નામ | હાજર / ગેરહાજર |
|---|---|---|
| ૧. | ડો. દક્ષેશ ઠાકર **માન.કુલપતિશ્રી** | હાજર |
| ૨. | ડો. ભાસ્કરભાઈ રાવલ **માન.ઉપકુલપતિશ્રી** | હાજર |
| ૩. | ડો. હેમાલીબેન એ. દેસાઈ | હાજર |
| ૪. | ડો. કે.સી. પટેલ | હાજર |
| ૫. | ડો. જે.એમ. નાયક | હાજર |
| ૬. | ર્ડા. કિશોર આર. નાયક | હાજર |
| ૭. | ર્ડા. વિનોદરાય બી. પટેલ | હાજર |
| ૮. | શ્રી કમલેશ એમ. પટેલ | હાજર |
| ૯. | ર્ડા. અપૂર્વ એ. દેસાઈ | હાજર |
| ૧૦. | ર્ડા. કે.એન. ભટ્ટ | હાજર |
| ૧૧. | પ્રા. ઠાકોરભાઈ એન.ચૌધરી | હાજર |
| ૧૨. | ર્ડા. ધનશ્યામભાઈ ડી. રાવલ | હાજર |
| ૧૩. | ર્ડા. રાકેશ એન. દેસાઈ | હાજર |
| ૧૪. | ર્ડા. એસ.એસ. રાવ | ગેરહાજર |
| ૧૫. | ર્ડા. પ્રિતી કે. ગર્ગ | ગેરહાજર |
| ૧૬. | ર્ડા. કે.સી. પોરિયા | હાજર |
| ૧૭. | ર્ડા. જશુભાઈ પટેલ | ગેરહાજર |

| | | |
|---|---|---|
| ૧૮. | ડૉ. કલ્પના ટી. રાવ | હાજર |
| ૧૯. | ડૉ. પરવેઝ અબ્બાસી | હાજર |
| ૨૦. | ડૉ. એસ.કે. ટાંક | હાજર |
| ૨૧. | ડૉ. રાજેન્દ્ર પટેલ | હાજર |
| ૨૨. | ડૉ. આર.ડી. પટેલ | હાજર |
| ૨૩. | ડૉ. વિપુલ જે. સોમાણી | હાજર |
| ૨૪. | ડૉ. મોહિનીબેન ગઢીયા | હાજર |
| ૨૫. | ડૉ. દમયંતિબેન પરમાર | ગેરહાજર |
| ૨૬. | ડૉ. હરીશ ડી. ડોકટર | ગેરહાજર |
| ૨૭. | ડૉ. કિરણ એમ.પંડયા | હાજર |
| ૨૮. | ડૉ. રેણુકા ગર્ગ | ગેરહાજર |
| ૨૯. | શ્રી સંજયભાઈ આઈ. દેસાઈ | હાજર |
| ૩૦. | ડૉ. કે.એન. ચાવડા | હાજર |
| ૩૧. | ડૉ. હર્ષાવતી સી. પટેલ | ગેરહાજર |
| ૩૨. | ડૉ. વિક્રમ બી. દેસાઈ | હાજર |
| ૩૩. | ડૉ. અશોક એમ. દેસાઈ | ગેરહાજર |
| ૩૪. | ડૉ. હસીત મહેતા | ગેરહાજર |
| ૩૫. | ડૉ. સુહાસબેન ડાભી | હાજર |
| ૩૬. | ડૉ.ભારતીબેન પંચોલી | ગેરહાજર |
| ૩૭. | ડૉ. અલકેશ શાહ | હાજર |
| ૩૮. | ડૉ. જાગૃતિબેન પટેલ | હાજર |
| ૩૯. | ડૉ. જયદીપ ચૌધરી | હાજર |
| ૪૦. | ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ | ગેરહાજર |
| ૪૧. | ડૉ. દિપકભાઈ ભોયે | હાજર |
| ૪૨. | ડૉ. જયેન્દ્રસિંહ પી. ગોહિલ | હાજર |
| ૪૩. | ડૉ. રૂસ્તમ મોરેના | હાજર |

# :: કાર્યવાહી ::

**(૧)** અનુસ્નાતક શિક્ષણ મંડળ (Board of University Teaching) ની તા.૬/૫/૨૦૧૬ ની કાર્યવાહીને બહાલી આપવા અંગે.

**:: આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ મંડળ (BUT) ની. તા.૬/૫/૨૦૧૬ ની કાર્યવાહી મંજુર કરવામાં આવે છે.**

**(કાર્યવાહી મંજુર થયેથી માન. કુલપતિશ્રી દ્વારા કાર્યવાહી પર સહી કરી.)**

**(૨)** સરકારી વિજ્ઞાન કોલેજ, ચીખલીમાં એમ.એસસી.–વનસ્પતિશાસ્ત્ર વિષયના સ્વનિર્ભર અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ થી શરૂ કરવા યુનિવર્સિટીમાં નવા જોડાણની કરેલ અરજી સ્થાનિક તપાસ સમિતિના અભિપ્રાયથી ના–મંજૂર કરવામાં આવેલ છે. સદર કોલેજના તા.૧૬–૭–૨૦૧૬ ના પત્રમાં જણાવ્યાનુસાર, માનનીય ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી દ્વારા મળેલ સૂચના અનુસાર આ અભ્યાસક્રમ સ્વનિર્ભર ધોરણે ૨૫ બેઠકો માટે શરૂ કરવા માટે જોડાણ આપવા માટે પુનઃ રજૂઆત કરેલ હોય, તે પરત્વે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સરકારી વિજ્ઞાન કોલેજ, ચીખલીમાં એમ.એસસી.–વનસ્પતિશાસ્ત્ર વિષયના અભ્યાસક્રમના શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ થી શરૂ કરવા યુનિવર્સિટીમાં નવા જોડાણની અરજી સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસ સમિતિની ભલામણ મુજબ કોલેજમાં વનસ્પતિશાસ્ત્ર વિષયના એક જ પ્રાધ્યાપક હોય એમ.એસસી.–વનસ્પતિશાસ્ત્ર વિષયના અભ્યાસક્રમના અનુસ્નાતક કેન્દ્રની મંજૂરી ન આપવાની ભલામણ પર સભાએ ચર્ચા વિચારણાને અંતે કોલેજમાં યુ.જી.સી. નોર્મ્સ મુજબ શૈક્ષણિક સ્ટાફ પૂરતો ન હોય એમ.એસસી.–વનસ્પતિશાસ્ત્ર વિષયના અભ્યાસક્રમનું અનુસ્નાતક કેન્દ્ર શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ થી શરૂ કરવાની વિનંતી ન સ્વીકારી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

**(૩)** તબીબી વિદ્યાશાખાના ફાર્મકોલોજી વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા અંગેની ગર્વન્મેન્ટ મેડીકલ કોલેજ, સુરતના એસો. પ્રોફેસર ડૉ. પ્રિતી પી. યાદવની પ્રસ્તુત અરજી સંદર્ભમાં તબીબી વિદ્યાશાખાના ડીનશ્રીએ ડૉ.પ્રિતી પી. યાદવને ફાર્મકોલોજી વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવા માટે હકારાત્મક ભલામણ કરેલ છે. જે ભલામણ સ્વીકારીએ અને ડૉ. પ્રિતી પી. યાદવને તબીબી વિદ્યાશાખામાં ફાર્મકોલોજી વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા વિચારણા કરવા અંગે.

<u>ઓર્ડિનન્સ **108 (III)**</u>

A qualified Post graduate teacher under O.109 (III) may be recognized as a Supervising teacher for research in his / her subject provided he has to his credit Published research work of a recognized eminence and provided further that he has not less then 10 years of teaching & research experience after obtaining his Post-Graduate qualifications and has not less than 5 years Post-Graduate teaching experience.

(અનુસ્નાતક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, ગર્વન્મેન્ટ મેડીકલ કોલેજ, સુરતના એસો. પ્રોફેસર ડૉ. પ્રિતી પી. યાદવની તબીબી**

**વિદ્યાશાખાના ફાર્મકોલોજી વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા અંગેની અરજી સંદર્ભમાં તબીબી વિદ્યાશાખાના ડીનશ્રીએ ડાં.પ્રિતી પી. યાદવને ફાર્મકોલોજી વિષયમાં ઓર્ડિનન્સ 108 (III) ની જોગવાઈનું પરિપાલન થતું હોય પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપવા માટે કરેલ હકારાત્મક ભલામણનો સ્વીકાર કરી ડાં. પ્રિતી પી. યાદવને તબીબી વિદ્યાશાખાના ફાર્મકોલોજી વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.**

**(૪)** સાયન્સ ફેકલ્ટીના કેમેસ્ટ્રીના વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા યુનિવર્સિટીના કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટમાં તા.૧૫–૧૦–૨૦૧૫ થી કાર્યરત આસીસ્ટન્ટ પ્રોફેસર ડો. સુષ્માબેન ઈજારદારને કેમીકલ સાયન્સીસમાં એકેડેમિક ઓફ સાયન્ટીફીક એન્ડ ઈનોવેટીવ રીસસર્ચ, દિલ્હી અને ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીમાંથી પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મળેલ છે. તેમના ૨૦ જેટલા રીસર્ચ પેપર્સ ઈન્ટરનેશનલ તથા ૪ રીસર્ચ પેપર્સ નેશનલ લેવલે પબ્લિશ થયેલ છે. આ ઉપરાંત તેઓએ DST અને CSIR સ્પોન્સર્ડ બે રીસર્ચ પ્રોજેકટ પૂર્ણ કરેલ છે અને ૭ અલગ અલગ નેશનલ પ્રોજેકટો CSMCRI, ભાવનગર ખાતે કાર્યરત છે. સદર બાબત અવલોકનમાં લેતાં ડીનશ્રી, સાયન્સ ફેકલ્ટીના પત્રાંક : Chem/PhD/3931/2016 તારીખ ૧–૮–૨૦૧૬ થી પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા માટે Strongly recommed કરેલ હોય, તે પરત્વે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટમાં તા.૧૫–૧૦–૨૦૧૫ થી કાર્યરત આસીસ્ટન્ટ પ્રોફેસર ડો. સુષ્માબેન ઈજારદારની સાયન્સ ફેકલ્ટીના કેમેસ્ટ્રીના વિષયમાં પીએચ.ડી. ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતાની અરજી દફતરે કરી યુનિવર્સિટીના નિયત અરજીપત્રકમાં અરજી કરવા જણાવવું.**

**(૫)** પીએચ.ડી. સંશોધન અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓએ O.Ph.D-3 ની જોગવાઈ અનુસાર સંશોધન અભ્યાસ દરમ્યાન કોર્ષ વર્ક કરવાની જોગવાઈ હોય, મેડિસીન ફેકલ્ટીમાં પીએચ.ડી. સંશોધન અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પાસે પણ કોર્ષ વર્ક કરાવવો કે કેમ તે બાબતે કાર્યાલયની નોંધ પર મા. કુલસચિવશ્રીએ મેડિકલ ફેકલ્ટીના ડીનશ્રી ડાં. કે.એન.ભટ્ટ નો અભિપ્રાય મેળવતાં ડીનશ્રી, તબીબી વિદ્યાશાખા દ્વારા કોર્ષ વર્ક સંદર્ભમાં નીચે મુજબ અભિપ્રાય આપેલ હોય જે અવલોકનમાં લેતાં તબીબી વિદ્યાશાખામાં કોર્ષ વર્કનો અમલ કરવો કે કેમ તે પર વિચારણા કરવા અંગે.

:: મેડીકલ ફેકલ્ટીમાં એમ.સી.આઈ.ના નિયમ મુજબ પોસ્ટ ગ્રેજયુએટ અને પી.જી. ડિપ્લોમાં થયેલ ઉમેદવારોને પીએચ.ડી. માટે એડમીશન આપવામાં આવે છે. તેમજ ઉમેદવાર તેમના પોસ્ટ ગ્રેજયુએટ દરમિયાન થીસીસ (ડેઝંટેશન) કરવામાં આવે છે. અને તેમજ રીસર્ચ કોર્ષ અને તેમજ વર્કશોપમાં પણ તાલીમ આપવામાં આવે છે.આથી મેડીકલ ફેકલ્ટીમાં પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓ/ ઉમેદવાર Medical Research Course નો વર્કશોપ / ટ્રેનીંગ કે કોર્ષવર્ક માંથી મુકિત આપવા ભલામણ છે. ઉપરોકત વિદ્યાર્થીના થીસીસ જે તે મેડીકલ કોલેજ ના IRB માંથી મંજૂરી લેવાની હોય છે.

(અનુસ્નાતક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, મેડિસીન ફેકલ્ટીમાં પીએચ.ડી. સંશોધન અભ્યાસ કરનાર સંશોધનાર્થીને કોર્ષ વર્કમાંથી મુકિત આપવાની ડીનશ્રી તબીબી વિદ્યાશાખાની ભલામણ પર ચર્ચા વિચારણાને અંતે યુ.જી.સી. દ્વારા Ph.D. સંશોધન અભ્યાસમાં કોર્ષ વર્ક ફરજીઆત હોય તેથી તબીબી વિદ્યાશાખાના તમામ વિષયોમાં કોર્ષ વર્ક**

**કર્યેથી જ સંશોધન અભ્યાસની આગળની કાર્યવાહી કરવી.**

**(૬)** એમ.ફિલ / પીએચ.ડી. સંશોધન અભ્યાસ માં વર્ષ ૨૦૧૬ ના પ્રવેશ કાર્યવાહી સંદર્ભમાં અંગ્રેજી વિભાગના વડાશ્રી ડૉ. રાકેશભાઈ દેસાઈ દ્વારા તેમના તા.૨૧, જુલાઈ ૨૦૧૬ ના પત્ર No.RD/Ph.D. admission and guideship/5434/2016 થી યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના 4th Amended 2016 ની જોગવાઈ મુજબ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના અધ્યાપકો પીએચ.ડી. સુપરવાઈઝીંગ ટીચરની માન્યતા આપવા અને પ્રવેશ કાર્યવાહી કરવા કરેલ રજુઆત અને એમ.ફિલ / પીએચ.ડી. સંશોધન અભ્યાસ અને તેને આનુસંગીક વિવિધ બાબતોની જોગવાઈ એમેન્ડેડમાં કરેલ હોય તે પ્રર્વતમાન પીએચ.ડી. ઓર્ડિનન્સ આમેજ કરવા વિચારણા કરવા અંગે.

(અનુસ્નાતક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, એમ.ફીલ. / પીએચ. ડી. સંશોધન અભ્યાસ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના ૪થા એમેન્ડમેન્ટ વર્ષ ૨૦૧૬ ની જોગવાઈને પ્રવર્તમાન એમ.ફીલ./ પીએચ.ડી. ના ઓર્ડિનન્સમાં આમેજ કરવાની ભલામણ કરવા સંદર્ભમાં નીચે મુજબના સભ્યશ્રીઓની સમિતિ નિયકત કરવામાં આવે છે અને નિયુકત સમિતિ દ્વારા ભલામણ થનાર એમ.ફીલ. / પીએચ.ડી. ઓર્ડિનન્સનો તેમજ ઓર્ડિનન્સ ૧૦૮ નો ડ્રાફટ આગામી એકેડેમિક કાઉન્સિલની વિચારણા / મંજૂરી માટે રજૂ કરવો.**

**(૧) ડૉ. અપૂર્વભાઈ દેસાઈ**
**(૨) આ. (ડૉ.) વિ. ડી. નાયક**
**(૩) ડૉ. રાકેશભાઈ દેસાઈ**
**(૪) આ.(ડૉ.) વિક્રમભાઈ દેસાઈ**
**(૫) ડૉ. કિરણભાઈ પંડયા**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી દ્વારા તા. ૧૧–૧૨–૨૦૧૫ ના રોજ જાહેરાત મુજબ ઉપર મુજબના 4th Amendment UGC 2016 ની જોગવાઈને BUT નિયુકત સમિતિની ભલામણ કરેલ એમ.ફીલ. / પીએચ.ડી. ઓર્ડિનન્સમાં એકેડેમિક કાઉન્સિલ દ્વારા મંજૂર થયેથી પ્રવેશપાત્રતા ધરાવતા પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોની પ્રવેશ અને તેને આનુષાંગિક કાર્યાવહી કરવી.**

**(૭)** ડૉ. મનિષાબેન પાનવાલાના માર્ગદર્શન હેઠળ મેનેજમેન્ટ વિષયમાં પીએચ.ડી. સંશોધન અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીની ખત્રી નમ્રતા નરેન્દ્રની તા. ૪–૦૭–૨૦૧૬ની અરજીથી તેઓ ધ્વારા પીએચ.ડી. સંશોધન અભ્યાસ પૂર્ણ કરેલ હોય UGC (Minimum Standard for award of Ph.D. Degree) 2009 મુજબ Criteria Credit આપવા વિનંતી કરેલ છે. સંશોધનાર્થીએ તેનો પીએચ.ડી. સંશોધન અભ્યાસ નોટીફિકેશન નંબર–૧૫૨૫ થી તા. ૪–૦૬–૨૦૧૨ના રોજ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ કોર્ષ વર્ક સપ્ટેમ્બર–૨૦૧૫માં પૂર્ણ કરેલ છે. જેના Criteria Credit આપવા માર્ગદર્શક શિક્ષક અને ડીનશ્રીની ભલામણ સાથે વિનંતી કરેલ હોય જે ભલામણ સાથે નીચેની નોંધ વાંચનમાં લઈ (૧) માર્ગદર્શક શિક્ષક અને ડીનશ્રીની ભલામણ મુજબના Criteria Credit આપીએ કે (૨) સંશોધન અભ્યાસ બાદ કોર્ષ વર્ક સફળતાપૂર્વક પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર આપીએ.

<u>નોંધ :</u>

(૧) સિન્ડિકેટ દ્વારા તા. ૨૫/૦૬/૨૦૧૪ની બાબત ક્રમાંક (૮૦) અન્વયે પીએચ.ડી. ચાલુ હોય અને કોર્ષ વર્ક અભ્યાસ શરૂ કરી દીધેલ હોય તેવા વિદ્યાર્થીઓને કોર્ષ વર્કની પરીક્ષામાં બેસવા દેવા તથા બેઠેલા હોય તેવા વિદ્યાર્થીઓને UGC-2009 મુજબ કોર્ષ વર્ક પૂર્ણ કરેલ છે તેવું પ્રમાણપત્ર આપવા ઠરાવેલ છે.

(૨) સંશોધનાર્થીએ સદરહુ કોર્ષ વર્ક સપ્ટેમ્બર–૨૦૧૫માં પાસ કરેલ હોય જે ધ્યાને લેતા તેમનો કોર્ષવર્ક પીએચ.ડી. સંશોધન અભ્યાસ પૂર્ણ કર્યા બાદ શરૂ થયેલ હોય તેવું માર્કશીટ પરથી તારણ કાઢી શકાય.

(અનુસ્નાતક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. મનિષાબેન પાનવાલાના માર્ગદર્શન હેઠળ મેનેજમેન્ટ વિષયમાં ખત્રી નમ્રતા નરેન્દ્રએ તેનો પીએચ.ડી. સંશોધન અભ્યાસ નોટીફિકેશન નંબર–૧૫૨૫ થી તા. ૪–૦૬–૨૦૧૨ના રોજ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ કોર્ષ વર્ક સપ્ટેમ્બર–૨૦૧૫ માં પૂર્ણ કરેલ છે. તેમને UGC (Minimum Standard for award of Ph.D. Degree) 2009 મુજબ કોર્ષ વર્ક સફળતાપૂર્વક કર્યાના માર્ગદર્શક શિક્ષક અને ડીનશ્રીની ભલામણ મુજબ Criteria Credit આપવું.**

**(૮)** પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં અન્ય યુનિવર્સિટીના પીએચ.ડી. માન્યતા પ્રાપ્ત માર્ગદર્શક શિક્ષકના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. સંશોધન અભ્યાસ કરતા સંશોધનાર્થીના માર્ગદર્શક શિક્ષક બાબતે UGC ના પત્ર ક્રમાંક : D.O.No.F.10-6/2011(PS)Misc.,Dt. 6-07-2015 તથા UGCના પત્ર ક્રમાંક : D.O.No.F.10-6/2011(PS)Misc.,Dt. 4-09-2015ની ગાઈડ લાઈન સંદર્ભે અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૭–૧૦–૨૦૧૫ની સભાએ ઠરાવ ક્રમાંક :૧૫ અન્વયે નીચે મુજબની ભલામણ એકેડેમિક કાઉન્સિલને કરેલ હોય જે ભલામણ એકેડેમિક કાઉનિસલની તા. ૧૪–૧૦–૨૦૧૫ની સભાએ ઠરાવ ક્રમાંકઃ ૪૫ અન્વયે યથાવત સ્વીકાર કરી મંજૂર કરેલ પરંતુ સદરહુ બાબત સાથે આર્કિટેકચર વિષયમાં પીએચ.ડી. સંશોધન અભ્યાસકર્તા પારેખ હેમરશ્મિભાઈ ઈશ્વરભાઈના માર્ગદર્શક શિક્ષક ડૉ. એન. સી. શાહ સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટી. ઓફ ટેકનોલોજીમાં નિવૃત્તિ બાદ અન્ય યુનિવર્સિટીમાં કાર્યરત હોય, (B.U.T.)ની તા.૬–૦૫–૨૦૧૬ના ઠરાવ ક્રમાંક (૮) અન્વયે ફિઝીયોથેરાપી વિષયના સંશોધનાર્થીઓ કે જેઓ અન્ય યુનિવર્સિટીના માર્ગદર્શક શિક્ષક ડૉ. સુભાષભાઈ એમ. ખત્રીના માર્ગદર્શન હેઠળ કાર્યરત હોય હાલમાં સદરહુ વિષયમાં માર્ગદર્શક શિક્ષક ન હોય તેઓને ખાસ કેસ તરીકે મંજૂરી આપેલ હોય તે મુજબ આર્કિટેકચર વિષયમાં માર્ગદર્શક શિક્ષક ન હોય સંશોધન કાર્ય કરતા પારેખ હેમરશ્મિભાઈ ઈશ્વરભાઈને આર્કિટેકચર વિષયમાં અન્ય યુનિવર્સિટીના ડૉ. એન. સી. શાહના માર્ગદર્શન હેઠળ સંશોધન કાર્યની મંજૂરી ખાસ કેસ તરીકે કરવા વિચારણા કરવા અંગે.

<u>અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૭–૧૦–૨૦૧૫ની સભાએ ઠરાવ ક્રમાંક :૧૫ એકેડેમિક કાઉન્સિલ દ્વારા તેની તા.૧૪–૧૦–૨૦૧૫ના ઠરાવ ક્રમાંક (૪૫) અન્વયે સ્વીકારેલ છે.</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુ. જી. સી. ની ગાઈડ લાઈન મુજબ અન્ય યુનિવર્સિટીના પીએચ.ડી. માન્યતા પ્રાપ્ત માર્ગદર્શકના માર્ગદર્શન હેઠળ નોંધાયેલ પીએચ.ડી. સંશોધનાર્થીના માર્ગદર્શક તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માર્ગદર્શકની નિમણૂંક રીસર્ચ સ્ટડીઝ સમિતિ દ્વારા કરવી અને જે તે સંશોધનાર્થીના અન્ય યુનિવર્સિટીના માર્ગદર્શકને કો–માર્ગદર્શક તરીકે નિમણૂંક કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

<u>અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૬–૦૫–૨૦૧૬ની સભાનો ઠરાવ ક્રમાંક :૮</u>

:: આથી ઠરાવવામાં આવે છેકે, યુ.જી. સી. અને રાજય સરકારની અન્ય યુનિવર્સિટીના પીએચ.ડી. સુપર વાઈઝીંગ ટીચરના માર્ગદર્શન હેઠળ ફાળવણી કરેલ સંશોધનાર્થીને યુનિવર્સિટીના માન્યતા પ્રાપ્ત માર્ગદર્શક શિક્ષક ફાળવવાની ગાઈડલાઈન એકેડેમિક કાઉન્સિલ ધ્વારા સ્વીકારેલ હોય જે,

(૧) (A) મુજબના યુનિવર્સિટી માર્ગદર્શક શિક્ષકના સ્થાને ડૉ. સી. બી. કગાથરા પ્રવેશ સમયે યુનિ. સંલગ્ન કોલેજમાં યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત પીએચ.ડી. માર્ગદર્શક હોય, અને સ્પોર્ટસ યુનિવર્સિટીની સ્થાપના થયેથી તેઓ રાજયની અન્ય યુનિવર્સિટી સંલગ્ન કોલેજ સાથે હોય પરંતુ હાલમાં યુનિવર્સિટીમાં ફીઝીકલ એજયુકેશન વિષયમાં માર્ગદર્શક શિક્ષક ન હોય તેથી ખાસ કેસ તરીકે હાલના માર્ગદર્શક શિક્ષકના સ્થાને ડૉ. સી. બી. કગાથરાની નિમણુંક કરી હાલના માર્ગદર્શક શિક્ષક ડૉ. પી. બી. ઠુમ્મર ને કો–માર્ગદર્શક તરીકે ખાસ કેસ તરીકે નિયુકત કરવા.

(૨) (B) ફીઝીયોથેરાપી વિષયમાં હાલમાં પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષકને ખાસ કેસમાં યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષક ન હોય ખાસ તરીકે(B) માં દર્શાવેલ સંશોધનાર્થી માટે ખાસ કેસ તરીકે માર્ગદર્શન માટે અને ડૉ. સુભાષ એમ. ખત્રીની માર્ગદર્શક શિક્ષક તરીકેની નિયુકત ચાલુ રાખવી.

(અનુસ્નાતક વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીમાં આર્કિટેકચર વિષયમાં માર્ગદર્શક શિક્ષક ઉપલબ્ધ ન હોય સંશોધન**

કાર્ય કરતા પારેખ હેમરશ્મિભાઈ ઈશ્વરભાઈને આર્કિટેકચર વિષયમાં અન્ય યુનિવર્સિટીના ડૉ. એન.સી. શાહના માર્ગદર્શન હેઠળ સંશોધન કાર્યની મંજૂરી સંશોધનાર્થીનું વર્ષ ૨૦૧૦ નું રજીસ્ટ્રેશન હોય તેથી અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૬–૫–૨૦૧૬ ની સભાના ઠરાવ ક્રમાંક : ૮ અન્વયે અન્ય યુનિવર્સિટીના માર્ગદર્શક શિક્ષકને ખાસ કેસ તરીકે ફાળવણી કરેલ હોય તે મુજબ ડો. એન.સી. શાહના માર્ગદર્શન હેઠળ પારેખ હેમરશ્મિભાઈ ઈશ્વરભાઈને સંશોધન કાર્ય કરવાની પરવાનગી આપવી.

(૯) અંગ્રેજી વિષયમાં ડૉ. દક્ષાબેન એ. વામદત્ત_(નિવૃત્ત પ્રોફેસર અને હેડ,અંગ્રેજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત) ના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. સંશોધન અભ્યાસ વર્ષ:૨૦૦૬માં પૂર્ણ કરનાર ડૉ. હેમાંગ દેસાઈ (નોંધણી ક્રમાંક : ૧૬૩૭) દ્વારા આસીસટન્ટ પ્રોફેસરની પ્રવેશપાત્રતા અરજી માટે UGC (Minimum Qualification for Appointment of Teachers and other Academic Staff in Universities and Colleges and Measures for the Maintenance of Standards in Higher Education) **(4th Amendment)**, Regulation 2016 માં નીચે મુજબના ક્રાઈટેરીયા સાથે આપવાની જોગવાઈ હોય જે અવલોકનમાં લેતાં નીચેની જોગવાઈ અને તે સામે દર્શાવેલ રીમાર્કસ અવલોકનમાં લેતાં હાલમાં પીએચ.ડી. સંશોધન અભ્યાસ દરમ્યાન પેપર પ્રેઝન્ટેશન/પબ્લીકેશન કરેલ હોય તો UGC-2009ના પ્રમાણપત્રમાં Credit Criteria આપવાની જોગવાઈ હોય સંશોધનાર્થીએ સંશોધન અભ્યાસ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ નીચે મુજબની રીમાર્કસ મુજબ Criteria fulfill કરેલ છે જે અવલોકનમાં લેતાં તેમને નીચે મુજબનું પ્રમાણપત્ર આપીએ કે કેમ તે પર વિચારણા કરવા અંગે.

| Sr. No. | Credit Criteria | Remarks |
|---|---|---|
| (a) | Ph.D. degree has been awarded in regular mode only; | રેગ્યુલર મોડથી કરેલ છે. |
| (b) | Ph.D. thesis has been evaluated by at least two external examiners; | હાજી |
| (c) | He/She has published two research papers out of which at least one in a refereed journal form out of his/her Ph.D. work; | પબ્લીશ કરેલ નથી. |
| (d) | He/She has presented two papers in seminars/conferences from out of his/her Ph.D. work; | સેમિનાર/કોન્ફરન્સમાં નિયત સમય બાદ પ્રેઝન્ટેશન કરેલ છે. |
| (e) | Open Ph.D. viva voce of the candidate has been conducted | ઓપન ડિફેન્સની જોગવાઈ વાયવા સમયે ન હતી. |

**Seal & Sign of Vice-Chancellor/Pro-Vice Chancellor/Dean(Academic Affairs)/dean (University Instructions)**

No.................................... Dated................................

<u>DRAFT</u> (TO WHOMSOEVER IT MAY CONCERN)

This is certify that Dr.________________________registered for Ph.D. programme on _______________________has successfully completed Ph.D. programme in the Subject______, Faculty of________________during the year ___________. The Ph.D. degree awarded to him/her is essentially fulfilling the following conditions:

a) Ph.D. degree has been awarded in regular mode only;
b) Ph.D. thesis has been evaluated by at least two external examiners;
c) He/She has published two research papers out of which at least one in a refereed journal form out of his/her Ph.D. work;
d) He/She has presented two papers in seminars/conferences from out of his/her Ph.D. work;
e) Open Ph.D. viva voce of the candidate has been conducted

**Seal & Sign of Vice-Chancellor/Pro-Vice Chancellor/Dean(Academic Affairs)/dean (University Instructions)**

No....................................

Dated.................................

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અંગ્રેજી વિષયમાં ડૉ. દક્ષાબેન એ. વામદત્ત (નિવૃત્ત પ્રોફેસર અને હેડ,અંગ્રેજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત) ના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. સંશોધન અભ્યાસ વર્ષ : ૨૦૦૬ માં પૂર્ણ કરનાર ડૉ. હેમાંગ દેસાઈ (નોંધણી ક્રમાંક : ૧૬૩૭) ને વિનંતી મુજબ પૂર્ણ થતા હોય તેટલા જ ક્રાઈટેરિયાનું પ્રમાણપત્ર આપવું.**

**(૧૦)** ઈજનેરી વિદ્યાશાખાની સ્નાતક/અનુસ્નાતક ડિગ્રી ધારક શ્રી પટેલ નિસર્ગ વલ્લભભાઈ દ્વારા તેમના તા.૧૮/૦૭/૨૦૧૬ના પત્રથી અન્ય વિદ્યાશાખાના ગુજરાતી સાહિત્ય વિષયમાં "ભગવાન શ્રીસ્વામીનારાયણ રચીત, વચનામૃત ગ્રંથ" ના વિષય પર તથા શ્રી સ્વામીનારાયણ સંપ્રદાયના વિવિધ ગ્રંથો આધારીત નકકર પુરાવા સહિતના વિષયો પર પીએચ.ડી. કરવા ઈચ્છતા હોય તેમના Topic ને અનુરૂપ વિષય અંગે ડીનશ્રી, આર્ટસ ફેકલ્ટી દ્વારા ચર્ચા–વિચારણા માટે BUT માં મૂકવા ભલામણ કરેલ છે અને O.Ph.D-4(II) ની નીચેની જોગવાઈ મુજબ વિદ્યાશાખા બદલી પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં ફોર્મ ભરવાની મંજૂરી આપવા બાબતે વિચારણા કરવા અંગે.

**O.Ph.D-4(II)**

Notwithstanding anything contained in (I) above, a student who has passed the Master's Degree Examination in any subject may be permitted on the recommendation of the Board of University Teaching to register for an allied subject under the same and / or other Faculty for the Ph.D. Degree.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ઈજનેરી વિદ્યાશાખાની સ્નાતક/અનુસ્નાતક ડિગ્રી ધારક શ્રી પટેલ નિસર્ગ વલ્લભભાઈ અન્ય વિદ્યાશાખાના ગુજરાતી સાહિત્ય વિષયમાં " ભગવાન શ્રીસ્વામીનારાયણ રચીત, વચનામૃત ગ્રંથ " ના વિષય પર તથા શ્રી સ્વામીનારાયણ સંપ્રદાયના વિવિધ ગ્રંથો આધારીત નકકર પુરાવા સહિતના વિષયો પર પીએચ.ડી. કરવા માટે 4th Amendment UGC 2016 ની જોગવાઈ મુજબના અધિકાર મંડળ દ્વારા એમ.ફિલ. / પીએચ.ડી. ઓર્ડિનન્સ મંજૂર થનાર નવા નિયમાનુસાર અરજી કરવા જણાવવું.**

**(૧૧)** સાર્વજનિક કોલેજ ઓફ પરફોર્મીગ આર્ટસના ઈન્ચાર્જ ડાયરેકટર ધ્વારા તેમના તા.૩–૮–૨૦૧૬ ના પત્રક્રમાંક : ૨૯૩/SCOPA/૨૦૧૬–૧૭ થી એમ.એ. (પરફોર્મિંગ આર્ટસ) માં ગત વર્ષ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ દરમિયાન કુલ ૨૧ વિધાર્થીઓ પ્રવેશ મેળવ્યા બાદ ૪ વિધાર્થીઓ અભ્યાસ છોડી ગયેલ હોય તેમજ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ દરમિયાન ૧૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ હોય, સદરહુ અભ્યાસક્રમમાં સંગીત, નૃત્ય અને નાટક અલગ અલગ ચાલતા હોય તે સંજોગોમાં આર્થિક રીતે અનુકુળ આવતું ન હોય, શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ દરમિયાન ભાગ – ૧ અને ૨ એક સાથે ચલાવવાની વિનંતી કરેલ છે. જે પર વિચારણા કરવા અંગે.

<u>નોંધ</u> : સિન્ડીકેટ ધ્વારા તેની તા.૨૦ –૬–૨૦૦૨ ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૪૭) અન્વયે ભાગ – ૧ અને ૨ અભ્યાસક્રમ અલગથી ચલાવવા ઠરાવેલ છે.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સાર્વજનિક કોલેજ ઓફ પરફોર્મીગ આર્ટસના ઈન્ચાર્જ ડાયરેકટરની શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ દરમિયાન એમ.એ. (પરફોર્મિંગ આર્ટસ) ભાગ – ૧ અને ૨ એક સાથે ચલાવવાની વિનંતી ના–મંજૂર કરવી.**

***<u>નોંધ</u> : સભ્યશ્રીઓને વિનંતી કે, અનુસ્નાતક શિક્ષણ મંડળ (Board of University Teaching) ની તા.૮–૮–૨૦૧૬ ની કાર્યવાહીના ઠરાવમાં સભામાં થયેલ નિર્ણય બાબતે જરૂરી યોગ્ય સુધારા વધારા જણાય તો જ તા.૩૦–૦૮–૨૦૧૬ સુધીમાં નીચે સહી કરનારને જાણ કરવા વિનંતી. વધુમાં, નિયત સમય બાદ મળેલ સુધારા વધારા આમેજ કરવામાં આવશે નહી.***

ક્રમાંક : પીજી/ બીયુટી/ કાર્યવાહી/ ૧૪૪૯૯ / ૨૦૧૬
તા. ૧૦–૦૮– ૨૦૧૬

Sd/-
**ઈ.ચા. કુલસચિવ**

પ્રતિ,
અનુસ્નાતક શિક્ષણ મંડળના સર્વે સભ્યશ્રીઓ તરફ.....